

ગરવી ગુજરાત

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 168
Dt.: 28-02-2026,
Saturday
Page : 04
Rs.00.50 paisa

તપાસ એજન્સી પાસે પુરાવા નથીઃ કોર્ટ

# શરાબ કૌભાંડ કેસમાં અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા નિર્દોષ જાહેર

## કોર્ટે નોંધ્યું કે, જ્યારે બંધારણીય પદ પર બેઠેલી વ્યક્તિ પર ગંભીર આરોપો લગાવવામાં આવે, ત્યારે તેને સાબિત કરવા માટે મજબૂત સામગ્રી હોવી જરૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીની બહુચર્ચિત દારૂ નીતિ સાથે જોડાયેલા મામલે રાઉઝ એવન્યુ કોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયાને આરોપોમાંથી મુક્ત કર્યા છે. કોર્ટ તરફથી બંનેને મોટી રાહત અને ક્લિનચીટ મળી છે. કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું કે, માત્ર દાવાઓ કરવાથી કામ નહીં ચાલે. કોર્ટ કોઈ પણ આરોપ પર ત્યારે જ ભરોસો કરી શકે જ્યારે તેની સાથે નક્કર અને પૂરતા પુરાવા હોય. કોર્ટે અવલોકન કર્યું કે તપાસ એજન્સી દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવા નબળા અને અપૂરતા છે.

કોર્ટે સૌથી પહેલા આબકારી વિભાગના પૂર્વ કમિશ્નર કુલદીપ સિંહને નિર્દોષ જાહેર કર્યા હતા. ત્યારબાદ મનીષ સિસોદિયાને રાહત આપવામાં આવી અને છેલ્લે અરવિંદ કેજરીવાલને પણ નિર્દોષ જાહેર કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. કોર્ટે કહ્યું કે, દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં અનેક ખામીઓ હતી અને એવા ઘણા મુદ્દાઓ છે જેના પર તપાસ એજન્સી સંતોષકારક જવાબ આપી શકી નથી. કોર્ટે નોંધ્યું કે, જ્યારે બંધારણીય પદ પર બેઠેલી વ્યક્તિ પર ગંભીર આરોપો લગાવવામાં આવે, ત્યારે તેને સાબિત કરવા માટે મજબૂત સામગ્રી હોવી જરૂરી છે. માત્ર આરોપોના આધારે કેસ ચલાવી શકાય નહીં.

કોર્ટે ક્લીનચીટ આપ્યા બાદ અરવિંદ કેજરીવાલે કહ્યું કે, અમે હંમેશા કહેતા હતા કે સત્યની જીત થશે અને અમને ન્યાયતંત્ર પર ભરોસો હતો. હું હંમેશા કહેતો હતો કે ભગવાન અમારી સાથે છે. PM મોદી અને ગૃહ મંત્રી અમિત શાહે મળીને આમ આદમી પાર્ટીને ખતમ કરવા માટે કાવતરું રચ્યું. ૫ મોટા નેતાઓ પર ખોટા આરોપો લગાવાયા. અમારા ડેપ્યુટી CMને બે વર્ષ સુધી જેલમાં રાખ્યા.જો કે, સીબીઆઈએ જણાવ્યું છે કે, તેઓ આ આદેશથી સંતુષ્ટ નથી અને તેને હાઈકોર્ટમાં પડકારશે. સીબીઆઈના વકીલોએ સંકેત આપ્યો છે કે ચુકાદાનો વિગતવાર અભ્યાસ કર્યા બાદ ઉપલી અદાલતમાં અપીલ દાખલ કરાશે. કોર્ટની ટિપ્પણીથી તે સ્પષ્ટ થયું કે દાખલ કરવામાં આવેલી ચાર્જશીટમાં ઘણી ખામીઓ હતી. કોર્ટે કહ્યું કે ઘણા એવા બિંદુ છે જેના પર સંતોષજનક જવાબ આપવામાં આવ્યો નહીં. આ આધારે રાહત આપવામાં આવી છે.પરંતુ તપાસ એજન્સીનું કહેવું છે કે તે આ આદેશથી સંતુષ્ટ નથી અને તેને હાઈકોર્ટમાં પડકારશે. સીબીઆઈના વકીલો તરફથી સંકેત આપવામાં આવ્યો કે આદેશનો વિસ્તૃત અભ્યાસ કર્યા બાદ ઉપરી અદાલતમાં અરજી કરવામાં આવશે. આ મામલો ૨૦૨૨-૨૦૨૩ની દિલ્હી એકસાઈઝ પોલિસી સાથે જોડાયેલો છે. તે આધાર પર સીબીઆઈએ કેસ દાખલ કર્યો અને બાદમાં ઈડીએ પણ મની લોન્ડ્રિંગનો કેસ દાખલ કર્યો હતો. આમ આદમી પાર્ટીના ઘણા નેતા આ કેસમાં જેલમાં ગયા હતા. ઘણીવાર જામીન અરજીઓ નકારવામાં આવી અને બાદમાં જામીન મળ્યા હતા. શુક્રવારે દિલ્હીની રાઉઝ એવેન્યુ કોર્ટે કહ્યું કે પ્રથમ દ્રષ્ટિએ સીબીઆઈની ચાર્જશીટના આધાર પર અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા વિરુદ્ધ મામલો બનતો નથી. કોર્ટે ચાર્જશીટને નબળી ગણાવતા રાહત આપી છે.

ઉલ્લેખનીય છે કે, આ મામલો ૨૦૨૨-૨૩ની દિલ્હી એકસાઈઝ પોલિસી (દારૂ નીતિ) સાથે જોડાયેલો છે. આ મામલે સીબીઆઈએ કેસ નોંધ્યો હતો અને બાદમાં ઈડી(ED)એ મની લોન્ડરિંગના આરોપમાં તપાસ શરુ કરી હતી. આમ આદમી પાર્ટીના અનેક નેતાઓ આ કેસમાં જેલમાં ગયા હતા અને ઘણી વખત તેમની જામીન અરજીઓ ફગાવી દેવામાં આવી હતી. શુક્રવારે રાઉઝ એવન્યુ કોર્ટે સ્પષ્ટ કર્યું કે, પ્રથમ દષ્ટિએ સીબીઆઈની ચાર્જશીટના આધારે કેજરીવાલ અને સિસોદિયા વિરુદ્ધ કેસ બનતો નથી. આ ચુકાદો આમ આદમી પાર્ટી માટે અત્યાર સુધીની સૌથી મોટી રાહત માનવામાં આવી રહી છે.





હું ભ્રષ્ટ નહીં, કટ્ટર ઈમાનદાર છું : અરવિંદ કેજરીવાલ

# કોર્ટના ચુકાદા બાદ ધ્રુસકે-ધ્રુસકે રડી પડ્યા કેજરીવાલ

## ભાજપે સૌથી મોટું રાજકીય કાવતરું ઘડ્યુંઃ કેજરીવાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી લીકર પોલિસી કેસમાં રાઉઝ એવન્યુ કોર્ટે મહત્વનો ચુકાદો સંભળાવ્યા બાદ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ભાવુક થઈ ગયા હતા. તેમણે રડતાં-રડતાં કહ્યું કે, આ કેસ તેમની વિરુદ્ધ રચાયેલું આઝાદ ભારતનું સૌથી મોટું રાજકીય ષડયંત્ર હતું. કોર્ટની બહાર પત્રકારો સાથે વાત કરતાં અરવિંદ કેજરીવાલે કહ્યું કે, મેં જિંદગીમાં માત્ર ઈમાનદારી જ કમાઈ છે. મારા પર ભાજપે ખોટા આરોપો લગાવ્યા. આજે કોર્ટે પણ કહી દીધું કે કેજરીવાલ-સિસોદિયા કટ્ટર ઈમાનદાર છે. રાઉઝ એવન્યુ કોર્ટના ચુકાદા બાદ તેઓ મીડિયાની સામે આવ્યા અને ભાવુક થઈને બોલ્યા, હું ભ્રષ્ટ નથી. આજે કોર્ટે પણ કહી દીધું છે કે કેજરીવાલ અને સિસોદિયા ઈમાનદાર છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે, છેલ્લા કેટલાક વર્ષોથી ભારતીય જનતા પાર્ટી દારૂ કૌભાંડ.. દારૂ કૌભાંડ.. કરી રહી હતી અને અમારા પર આરોપો લગાવવામાં



આવી રહ્યા હતા. આજે કોર્ટે બધા આરોપો ફગાવી દીધા અને અમને બધાને મુક્ત કર્યા છે. અમે હંમેશા કહ્યું કે અમને ભારતીય ન્યાયતંત્રમાં વિશ્વાસ છે. હું ન્યાયાધીશનો ખૂબ આભારી છું જેમણે અમને ન્યાય આપ્યો. સત્યનો વિજય થયો છે. ભગવાન અમારી સાથે છે. તેમણે કહ્યું કે, ભાજપે સ્વતંત્ર ભારતમાં સૌથી મોટું રાજકીય કાવતરું ઘડ્યું. આમ આદમી પાર્ટીના ૫ નેતાઓને પાર્ટીનો નાશ કરવા માટે જેલમાં ધકેલી દેવામાં આવ્યા. સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં આવું ક્યારેય બન્યું નથી. એક સિટીંગ મુખ્યમંત્રીને તેમના ઘરેથી ખેંચીને ૬ મહિના માટે જેલમાં ધકેલી દેવામાં આવ્યા. અમારા નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને બે વર્ષ માટે જેલમાં ધકેલી દેવામાં આવ્યા. અમારા પર કાદવ ફેંકવામાં આવ્યો. ટીવી ચેનલો પર ડીબેટો કરીને તેમને ભ્રષ્ટાચારી જણાવવામાં આવ્યા. પણ આજે એ સાબિત થયું છે કે કેજરીવાલ ખૂબ જ પ્રામાણિક છે. મનીષ સિસોદિયા ખૂબ જ પ્રામાણિક છે, અને આમ આદમી પાર્ટી પણ ખૂબ જ પ્રામાણિક છે. નોંધનીય છે કે, દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે અરવિંદ કેજરીવાલને દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં ક્લીનચીટ આપી છે.

## હવે અગ્નિવીરોને નિવૃત્ત થતાં જ રેલવેમાં નોકરીની મળશે તક

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય રેલવે અને ભારતીય સેનાએ એક મહત્વપૂર્ણ પહેલ હેઠળ "ફ્રેમવર્ક ઓફ કોઓપરેશન" શરૂ કર્યું છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય અગ્નિવીરો અને સેવારત/સેવાનિવૃત્ત લશ્કરી કર્મચારીઓને લશ્કરી સેવા બાદ નાગરિક જીવનમાં સરળ સંક્રમણની સુવિધા આપવાનો તથા રેલવેમાં રોજગારની તકોનો વિસ્તાર કરવાનો છે. વરિષ્ઠ સૈન્ય અધિકારીઓ અને રેલવે મંત્રાલયના નેતૃત્વ દ્વારા શરૂ કરવામાં આ પહેલથી રેલવેમાં ઉપલબ્ધ નોકરીઓ વિશે જાગૃતિ વધશે અને આ સાથે જ નિવૃત્ત કર્મચારીઓ માટે એક સમર્પિત સહાય પ્રણાલી સ્થાપિત કરવામાં આવશે. આ પહેલ નિવૃત્ત સૈનિકોને સાર્થક બીજુ કરિયર પ્રદાન કરવા અને રાષ્ટ્રીય વિકાસ લક્ષ્યોમાં યોગદાન આપવાની સહિયારી પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

ભારતીય રેલવે પૂર્વ સૈનિકોના કલ્યાણ અને પુનર્વસનને તેની નીતિઓનો અભિન્ન ભાગ માને છે. આ પહેલ હેઠળ પૂર્વ સૈનિકો અને નિવૃત અગ્નિવીરો માટે ખાસ અનામત સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.

- નિવૃત સૈનિકો માટેઃ લેવલ-૨ અને ઉપરના પદોમાં ૧૦% તથા લેવલ-૧ના પદોમાં ૨૦% અનામત.

- નિવૃત અગ્નિવીરો માટેઃ લેવલ-૨ અને ઉપરના પદોમાં ૫% તથા લેવલ-૧ના પદોમાં ૧૦% અનામત.

મોટા ઘટાડા સાથે બંધ થયું શેર બજાર

# સેન્સેક્સ ૯૬૧ પોઈન્ટ તૂટ્યો તેમજ નિફ્ટી ૨૫૨૦૦ નીચે

## યુએસ ટેકમાં વેચવાલી અને નબળા એશિયન સંકેતો આ ઘટાડા પાછળના મુખ્ય કારણો રહ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

શુક્રવારે સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે સ્થાનિક શેરબજાર મોટા ઘટાડા સાથે બંધ થયું. BSE સેન્સેક્સ આખરે ૯૬૧.૪૨ પોઈન્ટના મોટા ઘટાડા સાથે ૮૧,૨૮૭.૧૯ પર બંધ થયો. તેવી જ રીતે, NSE નિફ્ટી પણ ૩૧૭.૯૦ પોઈન્ટ ઘટીને ૨૫,૧૭૮.૬૫ પર બંધ થયો. યુએસ ટેકમાં વેચવાલી અને નબળા એશિયન સંકેતો આ ઘટાડા પાછળના મુખ્ય કારણો હતા. ઓનલાઈન ટ્રેડિંગ અને વેલ્થ ટેક ફર્મ એનરિચ મનીના સીઈઓ પોનમુડી આરએ જણાવ્યું હતું કે ઈરાનના પરમાણુ કાર્યક્રમ પર તાજેતરની યુએસ-ઈરાન વાટાઘાટો કોઈ પણ સફળતા વિના સમાપ્ત થઈ હતી, જેના કારણે યુએસ હુમલાની શક્યતા અને પશ્ચિમ એશિયામાં વ્યાપક સંઘર્ષના જોખમ અંગે ચિંતા વધી છે. તેમણે કહ્યું કે ઈરાન પર અમેરિકાના આગામી પગલાં અંગે





વધતી અનિશ્ચિતતા અને નવા સ્થાનિક ઉત્પ્રેરકોની ગેરહાજરીને કારણે રોકાણકારોની ભાગીદારી સાવધ અને પસંદગીયુક્ત રહેવાની શક્યતા છે. શુક્રવારે નબળા વૈશ્વિક વલણો વચ્ચે નવા વિદેશી ભંડોળના પ્રવાહ અને વધતા ભૂરાજકીય જોખમોને કારણે મુખ્ય શેરબજાર સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીમાં ૧ ટકાથી વધુનો ઘટાડો થયો હતો. નિષ્ણાતોના મતે, યુએસ-ઈરાન પરમાણુ વાટાઘાટોમાં પ્રગતિના અભાવે મધ્ય પૂર્વમાં તણાવ વધવાનો ભય વધુ ઘેરો બનાવ્યો છે, જેના કારણે રોકાણકારોની ચિંતા વધી છે. બીએસઈ સેન્સેક્સ આખરે ૯૬૧.૪૨ પોઈન્ટના મોટા ઘટાડા સાથે ૮૧,૨૮૭.૧૯ પર બંધ થયો. NSE નિફ્ટી પણ ૩૧૭.૯૦ પોઈન્ટના ઘટાડા સાથે ૨૫,૧૭૮.૬૫ પર સ્થિર થયો. બજારમાં આ ઘટાડા પાછળના મુખ્ય કારણો યુએસ ટેકમાં વેચવાલી અને નબળા એશિયન સંકેતો હતા. સેન્સેક્સ પેકમાં સન ફાર્મા, ભારતી એરટેલ, બજાજ ફિનસર્વ, ઈન્ટરગ્લોબ એવિએશન, મહિન્દ્રા અને મહિન્દ્રા અને મારુતિ મુખ્ય નુકસાનમાં રહ્યા. HCL ટેક, ટ્રેન્ટ, ઈન્ફોસિસ અને એટરનલ ફાયદામાં હતા. જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે નબળા વૈશ્વિક સંકેતો અને વધતા ભૂ-રાજકીય જોખમો વચ્ચે ભારતીય બજારો દબાણ હેઠળ રહ્યા છે, રોકાણકારો સાવચેત બની રહ્યા છે. યુએસ-ઈરાન વાટાઘાટોમાં નક્કર પ્રગતિના અભાવે મધ્ય પૂર્વમાં તણાવ વધવાનો ભય ઉભો કર્યો છે, જ્યારે AI સંબંધિત અનિશ્ચિતતા પણ સલામત રોકાણો તરફ આગળ વધી રહી છે.

સપ્તાહના છેલ્લા દિવસે શેર બજારમાં મોટો કડાકો બોલ્યો છે. રોકાણકારોએ લાખો રુપિયા ગુમાવ્યા છે. શુક્રવારે સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે સ્થાનિક શેરબજાર મોટા ઘટાડા સાથે બંધ થયું.

# હવેથી લોનના ગેરેન્ટર બનવા જાઓ તો ૧૦૦૦ વખત વિચારી લેજોઃ સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય

## એક જ લોન માટે મૂળ લોનધારક અને તેના કોર્પોરેટ ગેરેન્ટર બંને વિરુદ્ધ એક ખાસ નાદારી કાર્યવાહી કરવામાં આવી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઘણીવાર આપણે પોતાના પરિવારજનની કે ખાસ મિત્રની મદદ કરવા માટે તેની લોનના ગેરેન્ટર બની જઈએ છીએ. વિચારીએ છીએ કે, લોન ચૂકવવાની જવાબદારી તો તે વ્યક્તિની છે, જે લોન લઈ રહ્યો છે. પરંતુ સુપ્રીમ કોર્ટે હાલમાં જ એક નિર્ણય લીધો છે, જેમાં લોન ગેરેન્ટરને કોઈ પણ મૂળ લોનધારક જેટલો જ ભાગીદારી ગણવામાં આવશે. કોર્ટે કહ્યું કે, એક જ લોન માટે મૂળ લોનધારક અને તેના કોર્પોરેટ ગેરેન્ટર બંને વિરુદ્ધ એક ખાસ નાદારી કાર્યવાહી કરવામાં આવી શકે છે. ન્યાયમૂર્તિ દીપાંકર દત્તા અને ન્યાયમૂર્તિ ઓગસ્ટીન જોર્જ મસીહની બેચે તેમના નિર્ણયમાં કહ્યું કે, નાદારી અને નાદારી સંહિતા (IBC) હેઠળ એવો કોઈ કાયદેસર પ્રતિબંધ નથી, જે લોન આપનારને તેનું લેણું વસૂલ કરવા માટે કાર્યવાહી શરૂ કરવાથી રોકે છે. ધિરાણકર્તાએ તેના દેવા



માટે ગેરંટી મેળવવાના તર્કને સંપૂર્ણપણે સમજવું યોગ્ય લાગે છે. IBC હેઠળ અધિકારો ધરાવતો નાણાકીય લેણદાર આ અધિકારોનો ઉપયોગ કરી શકશે. તેવી જ રીતે, ન્યાયાધીશ સત્તાધિકારીની અરજીની ગુણવત્તાના આધારે સ્વતંત્ર રીતે તપાસ કરવાની જવાબદારી છે.

શું છે આ નિર્ણયનો અર્થ?- આ નિર્ણયે ભારતીય કરાર કાયદાના તે મૂળભૂત સિદ્ધાંતની પુષ્ટિ કરી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, ગેરેન્ટકનું દાયિત્વ મૂળ લોનધારકના દાયિત્વ બરાબર હોય છે. આમાં કહેવામાં આવ્યું છે કે, જો કોઈ ધિરાણકર્તાએ એક નાદારી પ્રક્રિયા સમાપ્ત થયા બાદ જ બીજી શરૂ કરવા માટે મજબૂર કરવામાં આવે છે, તો ગેરેન્ટીનો મૂળ ઉદ્દેશ્ય જ વિફલ થઈ જશે.

લોન ચૂકવવાથી મળશે છૂટ- નિર્ણયમાં કહેવામાં આવ્યું કે, તેનો અર્થ એ હશે કે, અંતરિમ પીરિયડમાં ગેરેન્ટરને લોન ચૂકવવાથી છૂટ મળી જશે, જેની જોહવાઈ IBCમાં નથી. આ નિર્ણય ICICI બેંક અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સહિત મુખ્ય નાણાકીય સંસ્થાઓ દ્વારા વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રિયલ એસ્ટેટ કંપનીઓ સામે મોટી નાણાકીય સંસ્થાઓ દ્વારા દાખલ કરાયેલી અનેક અપીલો પછી સામે આવ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કરી દીધું છે કે, મૂળ ધિરાણકર્તા અને તેનો ગેરેન્ટર બંને જ લોન ચૂકવવા માટે બરાબર ભાગીદાર માનવામાં આવશે.

ગેરેન્ટર વિરુદ્ધ થશે નાદારી કાર્યવાહી- આ નિર્ણયે ICICI બેંક અને SBIની તે અપીલોને સ્વીકાર કરી દીધી, જેમાં પહેલા ગેરેન્ટર વિરુદ્ધ નાદારી કાર્યવાહી રોકી દેવામાં આવી હતી. તેણે કંપનીઓના ડિરેક્ટરોની તે અપીલોને દરખાસ્ત કરી દીધી, જેમાં તેમણે પોતાની કંપની વિરુદ્ધ સમાનાંતર કાર્યવાહી રોકવાનો અનુરોધ કર્યો હતો. કોર્ટના આદેશ બાદ લોનની ગેરેન્ટર બનેલી કંપનીઓ પાસેથી પણ વસૂલી અથવા તેમના વિરુદ્ધ નાદારી કાર્યવાહી શરૂ કરવાની સ્વતંત્રતા મળશે.

ગરવી ગુજરાત
ગુજરાતી

JioTV
CHENNAL NO.
3010

TATA PLAY
CHENNAL NO.
2111

Jio Air Fiber
Jio Tv +
Jio Fiber
Daily Hunt
ebaba Tv
Dish Plus
DTH live OTT
Rock TV
Airtel
Amezone Fire
Rocu Tv-US.UK

દેશ-દુનિયાના મહત્વપૂર્ણ સમાચારોની
માહિતી મેળવવા માટે આજે જ
ગરવી ગુજરાત ગુજરાતી ચેનલ નિહાળો

# તંત્રી લેખ......

## કેનેડાનો સુધારો

વડાપ્રધાન માર્ક કાર્નીની ભારત મુલાકાત પહેલાં, કેનેડાની સરકારનો દાવો કે તેમના દેશમાં થયેલા ગુનાઓનો ભારત સાથે કોઈ સંબંધ નથી, તે ફક્ત ભૂલનો સુધારો નથી, પરંતુ જસ્ટિન ટ્રૂડોના નેતૃત્વ હેઠળની પાછલી સરકારે સંકુચિત રાજકીય કારણોસર ભારત વિરોધી એજન્ડાને કેવી રીતે આગળ ધપાવ્યો તેનો પુરાવો છે.

જસ્ટિને ભારતથી ભાગી જઈને ગેરકાયદેસર રીતે કેનેડામાં પ્રવેશેલા ખાલિસ્તાન સમર્થક આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા માટે ભારતને દોષી ઠેરવતા એવા વાહિયાત નિવેદનો આપ્યા કે હત્યામાં ભારતની સંડોવણીના મજબૂત આરોપો ઉભા થયા. પુરાવાને સમર્થન આપવાને બદલે હાસ્યાસ્પદ આરોપો લગાવીને, તેમણે માત્ર પોતાની મજાક ઉડાવી જ નહીં, પણ ખાલિસ્તાન સમર્થક નેતા જગમીત સિંહના ઈશારે ભારત સાથેના સંબંધોને નુકસાન પહોંચાડવા માટે પણ તત્પર હોવાનું સાબિત કર્યું.

એ સાચું છે કે તેમની લઘુમતી સરકાર જગમીત સિંહના પક્ષના સમર્થન પર નિર્ભર હતી, પરંતુ તેનો અર્થ એ નથી કે તેઓ ભારત સાથેના સંબંધોને નુકસાન પહોંચાડવા માટે આવા દબાણ અને દબાણને વશ થઈ જશે. લઘુમતી સરકારો સામાન્ય રીતે ઘરેલુ બાબતોમાં પક્ષોને ટેકો આપવાના દબાણ હેઠળ આવે છે, પરંતુ ટ્રૂડો સરકાર વિદેશ નીતિ પર જગમીત સિંહની પાર્ટી સમક્ષ ઝૂકી ગઈ.

સમસ્યા એ હતી કે જસ્ટિન ટ્રૂડો ખાલિસ્તાન સમર્થક નેતાઓના એજન્ડાને આગળ ધપાવી રહ્યા હતા, પરંતુ તે ભારત વિરોધી તત્વોને પણ ટેકો આપી રહ્યા હતા. આની પ્રતિકૂળ અસર એ થઈ કે કેનેડામાં કાર્યરત ખાલિસ્તાન સમર્થક ઉગ્રવાદીઓએ નિયમિતપણે ભારત વિરુદ્ધ હિંસક વિરોધ પ્રદર્શનો કર્યા. તેમણે ભારત અને ભારતીય હાઈ કમિશનના અધિકારીઓ બંનેને ધમકી આપી, પરંતુ જસ્ટિન ચૂપ રહ્યા.

આનાથી ભારતને તેમની સામે કડક વલણ અપનાવવાની ફરજ પડી. તેમના સ્થાને વડા પ્રધાન બનેલા માર્ક કાર્ની પહેલા દિવસથી જ ભારત સાથે સંબંધો સુધારવાના પ્રયાસો કરી રહ્યા છે તે સારું છે, પરંતુ ભારતીય નેતૃત્વ ફક્ત નવી સરકાર દ્વારા પાછલી સરકારની ભૂલો સુધારીને સંતુષ્ટ થઈ શકે નહીં. ભારતે જોવું જોઈએ કે કેનેડામાં ભારત વિરુદ્ધ વ્યવસ્થિત પ્રચાર ચાલુ રાખનારા ખાલિસ્તાન સમર્થકો સામે કોઈ નક્કર કાનૂની કાર્યવાહી કરવામાં આવે છે કે નહીં.

ભારત એ હકીકતને અવગણી શકે નહીં કે કેનેડામાં ખાલિસ્તાન સમર્થકો ભારતીય હિતો માટે ખતરો બની રહ્યા છે. ભારત એ પણ ભૂલી શકે નહીં કે એર ઈન્ડિયાના વિમાનને ઉડાવી દેનારા, ૩૦૦ થી વધુ મુસાફરોના મોતને ભેટેલા ખાલિસ્તાન સમર્થક આતંકવાદીઓને કોઈ કડક સજા આપવામાં આવી નથી, અને સમયાંતરે ત્યાં તેમનો મહિમા થતો રહે છે. સંબંધોમાં કોઈ વાસ્તવિક સુધારો થાય તે માટે આ બધું બંધ થવું જોઈએ.

## વિકાસના દાવાઓની ખુલી પોલ : મહેસાણાના પીરોજપુરમાં ફુલ જેવા ભુલકાઓ ૩ વરસથી પતરાના શેડ નીચે ભણવા મજબુર

પ્રતિનિધિ,ગાંધીનગર

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના પીરોજપુર ગામમાં વિકાસના દાવાઓની પોલ ખુલી ગઈ છે. આંગણવાડીના નાનકડા ભુલકાઓ છેલ્લા ૩ વરસથી પતરાના શેડ નીચે બેસી ભણવા મજબુર બન્યા છે. ગરમીમાં તાપ, શિયાળામાં ઠંડી અને ચોમાસામાં ટપકતા પતરા અને આ બધાની વચ્ચે દેશનુ ભવિષ્ય કહેવાતા બાળકો : વારંવાર રજુઆતો કરવા છતાં તંત્ર ઘોર નિંદ્રામાં હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે.



સવાલ એ ઉભો થાય છે કે શું આવી પરીસ્થિતિમાં વિકાસ માત્ર કાગળ પર જ સિમિત છે ? કડી તાલુકાના પીરોજપુર ગામમાં ૩ વરસ અગાઉ આંગણવાડીની ઈમારત જર્જરીત જાહેર થતા તેને બંધ કરી દેવામાં આવી હતી. પરંતુ નવી ઈમારત બનાવવાની જગ્યાએ નાનકડા ભુલકાઓને પતરાના શેડ નીચે બેસાડવાની વ્યવસ્થા કરી દેવાઈ છે. ત્યાંરથી આજ સુધી ૩ લાંબા વરસોથી આંગણવાડી ખુલ્લા અને અસુરક્ષિત માહોલમાં ચાલી રહી છે, ઉનાળામાં તડકો ધગધગે છે, શિયાળામાં કડકડતી ઠંડી ચીરી નાંખે છે અને ચોમાસામાં પતરા ટપકે છે. સ્થાનિક લોકોના કહેવા પ્રમાણે આ શેડ માં ગાયો અને કુતરાઓ પણ ધુસી આવે છે, એક બાજુ ગંદકી , તો બીજી બાજુ કુદરતી આફતો અને વચ્ચે નાનકડા બાળકો શિક્ષણ લેતા નજરે પડે છે. ગ્રામજનોએ અનેકવાર અધિકારીઓને રજુઆત કરી હોવાનો દાવો કર્યો છે. પરંતુ હકીકતમાં કોઈ જ કામગીરી હાથ ધરાઈ નથી. શું તંત્રને બાળકોના આરોગ્ય અને સુરક્ષાની ચિંતા નથી ? દેશના વિકાસના મોટા મોટા દાવા કરવામાં આવે છે. પરંતુ પીરોજપુર ગામની આ તસવીર એ દાવાઓને પ્રશ્નાર્થમાં મુકે છે. જયારે પ્રાથમિક શિક્ષણ જ અસુરક્ષિત બને ત્યારે દેશનુ ભવિષ્ય કેવી રીતે ઉજ્જવળ બનશે ?

હવે જોવાનુ એ રહેશે કે જવાબદાર તંત્ર કયારે જાગે છે અને આ નાનકડા ભુલકાઓને સુરક્ષિત છત આપે છે, બાળકોને આંગણવાડી માં મોકલતા વાલીઓ પણ ડરે છે. ગાયો અને કુતરાઓ પણ આંગણવાડીમાં ધુસી જાય છે પણ બાળકોના ભવિષ્ય માટે મોકલવા પડે છે. સરકાર ઝડપથી યોગ્ય વ્યવસ્થા કરે તેવી અમારી માંગ છે.

## હવે તલાટી કમ મંત્રીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ માટે ખાતાકીય પરીક્ષા આપવી નહી પડે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના પંચાયત વિભાગ દ્વારા રાજયના તલાટી કમ મંત્રીઓના હિતમાં એક પાયાનો નિર્ણય લેવામાં આવ્યો છે જે અંતર્ગત હવે કર્મચારીઓને દ્વિતિય ઉચ્ચત્તર પગાર ધોરણ મેળવવા માટે ખાતાકીય પરીક્ષા આપવી નહી પડે, પંચાયત વિભાગના સત્તાવાર ઠરાવ અનુસાર નાયબ ચીટનીસ તરીકેના ઉચ્ચત્તર પગાર ધોરણ માટેની પરીક્ષામાંથી મુકિત આપીને તલાટીઓના નાણાંકીય લાભના માર્ગ ને સરળ બનાવવામાં આવ્યો છે. જો કે સરકાર ના આ ઠરાવમાં એ પણ સ્પષ્ટ કહેવામાં આવ્યુ છે કે જો કોઈ કર્મચારી તાલુકા વિકાસ અધિકારી (ટીડીઓ) તરીકે બઢતી મેળવવા ઈચ્છતા હોય તો તેમના માટે નિયત ખાતાકીય પરીક્ષા પાસ કરવી ફરજીયાત રહેશે, આ નિર્ણય થી પંચાયત સેવાના કર્મચારીઓમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. કારણ કે લાંબા સમયથી ઉચ્ચત્તર પગાર ધોરણની પ્રક્રિયામાં પરીક્ષાના અવરોધને દુર કરવાની માંગ કરવામાં આવી હતી.

### યુક્રેન પર ૪૨૦ ડ્રોન સાથે ભીષણ હુમલો

## પુતિનને વાતચીત કરી યુદ્ધ ખતમ કરવામાં જરાય રસ નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)કિવ

યુક્રેને જણાવ્યું હતું કે જિનિવામાં અમેરિકા દ્વારા યોજાનારી શાંતિ મંત્રણા પૂર્વે રશિયાએ યુક્રેન પર ભીષણ હુમલો કર્યો છે. લગભગ ૪૨૦ ડ્રોન અને ૩૯ બેલિસ્ટિક મિસાઈલ સાથે આ હુમલો કરવામાં આવ્યા છે. આ હુમલામાં કોઈનું નિધન તો થયું નથી, પરંતુ બાળકો સહિત ઘણા બધા લોકોને ઈજા પહોંચી છે. આ હુમલો મુખ્યત્વે યુક્રેનની રાજધાની અને તેની આસપાસના વિસ્તારોમાં કરવામાં આવ્યા હતા. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે અમેરિકા અને યુક્રેને પ્રતિનિધિઓ મંત્રણાની તૈયારી કરી રહ્યા છે ત્યારે રશિયા હુમલાની તૈયારી કરી રહ્યું છે. બંને દેશ વચ્ચેનું યુદ્ધ હવે પાંચમાં વર્ષમાં પ્રવેશી ચૂક્યું છે. રશિયાએ યુક્રેનના આઠ પ્રાંતમાં મુખ્યત્વે તેના ઊર્જા માળખાને નિશાન બનાવીને હુમલા કર્યા હતા. આ હુમલામાં બાળકો સહિત ડઝનથી પણ વધુ લોકોને ઈજા થઈ હતી.ઝેલેન્સ્કીએ અત્યંત વિપરીત વાતાવરણમાં પણ શાંતિ મંત્રણા ચાલુ રાખવાના ટ્રમ્પના પ્રયત્નોની પ્રશંસા કરી હતી અને આભાર માન્યો હતો. અમેરિકાની મધ્યસ્થીથી પ્રેરિત રશિયા-યુક્રેન વચ્ચેની શાંતિ મંત્રણા જારી છે, પરંતુ રશિયા જેના પર દાવો કરે છે તે યુક્રેનિયન પ્રાંતને લઈને મડાગાંઠ સર્જાઈ છે. આ મુદ્દે બંને પક્ષમાંથી કોઈપણ નમતુ જોખવા તૈયાર નથી. ઝેલેન્સ્કી પર રશિયાના પ્રમુખ પુતિન સાથે સીધી વાતચીત કરવા દબાણ કરવામાં આવ્યું હતું અને જણાવાયું હતું કે સામસામે બેસીને સીધી વાતચીત કરવાથી હકારાત્મક નીવેડો આવી શકે છે, પરંતુ ક્રેમલિને જ તેના માટેનો ઈન્કાર કરી દીધો હતો. તેમણે યુક્રેનના પ્રમુખને તેમને ત્યાં આમંત્રણ આપવાનો જ ઈન્કાર કરી દીધો છે. વોશિંગ્ટને યુદ્ધ છતાં પણ એક વર્ષથી ચાલતી મંત્રણાને બંધ થવા દીધી નથી, બીજી બાજુ રશિયાએ હુમલા પણ બંધ કર્યા નથી. યુક્રેન અને યુરોપીયન સત્તાવાળાઓ પુતિન પર વારંવાર શાંતિ મંત્રણા ખોરવી નાખવાનો આરોપ લગાવતા રહ્યા છે. તેમને આશા છે કે અમેરિકા દ્વારા લગાવવામાં આવનારા વધારે પ્રતિબંધ રશિયાની આગેકૂચને અટકાવી શકશે. રશિયાએ યુક્રેનના મૃત્યુ પામેલા ૧૦૦૦ સૈનિકોના મૃતદેહ પરત કર્યા છે તો બદલામાં તેમના ૩૫ સૈનિકોના મૃતદેહ પરત મેળવ્યા છે. જો કે બંને દેશોએ જણાવ્યું હતું કે આ આપલે ક્યારે થઈ છે. ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે રશિયાએ કીવ અને દનિપ્રોપેટ્રોવ્સ્ક પ્રાંતમાં ગેસ ઈન્ફ્રાસ્ટ્રકચર અને વીજ સબસ્ટેશનો પર હુમલા કર્યા હતા. યુક્રેનિયન વિદેશ પ્રધાને પશ્ચિમી દેશોને યુક્રેનને હજી વધુ લશ્કરી સહાય પૂરી પાડવા વિનંતી કરી હતી.રશિયાના સંરક્ષણ વિભાગે જણાવ્યું હતું કે તેમણે યુક્રેનના ૧૭ ડ્રોન તોડી પાડયા છે. જયારે યુક્રેન રશિયાના ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રકચરને લક્ષ્યાંક બનાવી રહ્યું છે.

## અરવલ્લી જિલ્લાના મેઘરજમાં ૪ બાળકોના પિતાએ ૨૫ વર્ષની યુવતિને ફસાવી: કુલ્લુ મનાલી અને પંજાબ લઈ જઈ હોટલમાં બાંધ્યા શારીરિક સંબંધ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાની ૨૫ વર્ષીય યુવતિ સાથે એક ચોંકાવનારો બનાવ બનવા પામ્યો છે. આ યુવતિના સંપર્કમા આવેલા એક યુવકે તેને પ્રેમજાળમાં ફસાવી લગ્ન કરવાની લાલચ આપી અલગ અલગ સ્થળો પર લઈ જઈ શારીરિક સંબંધ બાંધ્યા હતા જો કે પોતે પરીણીત હોવાનુ જણાવી અંતે યુવકે લગ્ન કરવાની ના પાડતા યુવતિએ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.



પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ભોગ બનનાર મેઘરજની ૨૫ વર્ષીય યુવતિ આરોપી સાથે એકાદ મહિના પહેલા પરીચયમાં આવી હતી, આરોપી મુળ હિંમતનગર તાલુકાના રાયગઢ ગામનો મહેશ ઓડ છે અને તે મેઘરજ તાલુકા પંચાયતમાં ટેકનીકલ આસી.તરીકે ફરજ બજાવતો હતો. ભોગ બનનાર યુવતિના પિતા મેઘરજ તાલુકા પંચાયત કચેરી પાસે છેલ્લા ૧૬ વરસથી ચા ની દુકાન ચલાવે છે, આરોપી મહેશ ઓડ ભોગ બનનાર યુવતિના પિતાની દુકાન પર ચા પીવા આવતો હતો. એક મહિના અગાઉ જાન્યુઆરી દરમિયાન યુવતિ સાથે આરોપીનો પરીચય થયો હતો. બાદમાં સમય જતા બંને વચ્ચે પ્રેમ સંબંધ શરૂ થયો હતો. ભોગ બનનાર યુવતિએ ફરીયાદમાં જણાવ્યુ હતુ કે ૨૮ જાન્યુઆરી ના રોજ આરોપી તેને મોડાસા લઈ જવાનુ કહીને કાર માં લઈ ગયો હતો, જો કે બાદમાં આરોપી યુવતિને શામળાજી, ઉદયપુર, દિલ્હી, શ્રીનગર, કુલ્લુ-મનાલી અને અમૃતસર જેવા વિવિધ સ્થળોએ ફરવા લઈ ગયો હતો. આ દરમિયાન હોટલોમાં રોકાણ કરીને આરોપીએ યુવતિની મરજી વિરૂધ્ધ વારંવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા.

આ પ્રવાસ બાદ આરોપી યુવતિને લઈને અમદાવાદ આવ્યો હતો અને ત્યાં મૈત્રી કરાર કરાવ્યા હતા. ગાંધીનગરની હોટલમાં પણ આરોપીએ યુવતિ સાથે શારીરિક સુખ માણ્યુ હતું. થોડા દિવસ બાદ ૨૩ ફેબ્રુઆરીએ પીડીત યુવતિએ લગ્ન કરવાની જીદ કરતા આરોપી મહેશ ઓડ ઉશ્કેરાઈ ગયો હતો અને આરોપીએ ઘટસ્ફોટ કરતા કહ્યુ હતુ કે તે પહેલાથી પરીણીત છે અને ૪ બાળકોનો પિતા છે, લગ્નની ના પાડવાની સાથે આરોપીએ યુવતિ અને તેના પરીવારને જાનથી મારી નાખવાની ધમકી આપી અને યુવતિને છોડી દીધી હતી. આ જાણ્યા બાદ યુવતિ સીધી મોડાસાના નારીગૃહમાં પહોચી હતી. તો બીજી તરફ પરીવારે પણ તેને હિંમત આપતા યુવતિએ મહેશ ઓડ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી મહેશ ઓડ ની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા ૨૬ ફેબ્રુઆરીએ તેને મોડાસા સબજેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે. પોલીસે આ ગંભીર મામલે વધુ તપાસ તેજ કરી છે અને પુરાવા એકત્ર કરવાની કામગીરી શરૂ કરી છે.

## વડાપ્રધાન મોદી દેશમાં સૌથી પહેલા ટ્રેન લાવ્યા: ગૃહમાં અર્જુન મોઢવાડીયાની જીભ લપસી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગુજરાત વિધાનસભાના સત્ર દરમિયાન પ્રશ્નોત્તરીકાળમાં ઘણી જ વખત રમુજ થતી હોય છે, ધારાસભ્યો એકબીજાની રમુજ કરતા હોય છે. ગઈ કાલે કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ પોતાની હાઈટને લઈને અધ્યક્ષ પાસે કાગળમાં જોઈને વાંચવા માટે મંજુરી માગી હતી. ટેબલેટમાં નીચુ નમીને વાંચવામાં તકલીફ થતી હોવાથી તેમણે મંજુરી માંગી હતી. આ દરમિયાન કોંગ્રેસે તેમની માંગ પર ટીખળ કરી હતી, આજે શુક્રવારે કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડીયા ગૃહમાં બુલેટ ટ્રેન બોલવા જતા ભુલા પડયા હતા. કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડીયામાં ગૃહમાં નિવેદન આપતા હતા ત્યારે તેમનાથી ભુલમાં બોલાઈ ગયુ હતુ કે વડાપ્રધાન મોદી દેશમાં સૌથી પહેલા ટ્રેન લાવ્યા છે. તેઓ ઉત્સાહમાં બુલેટ ટ્રેન બોલવાનુ ભુલી ગયા હતા. તેમણે કહ્યુ હતુ કે હું ૩૦ વરસથી ટ્રેનમાં મુસાફરી કરૂ છુ, ટ્રેનમાં તમામ સુવિધાઓ મળે છે, સુવિધા છતાં ટોયલેટ ખુબ સારા હતા, મોદી સરકારે ટ્રેનને સ્વચ્છ રાખવાનો લક્ષ્યાંક રાખ્યો છે, વડાપ્રધાન બન્યા બાદ મોદી દેશમાં પહેલીવાર બુલેટ ટ્રેન પ્રોજેકટ લાવ્યા છે. બુલેટ ટ્રેનને લઈને કોંગ્રેસ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. આજે તેનુ સપનુ સાકાર થયુ છે,

## સાબરમતી–દાનાપુર વચ્ચે હોળી સ્પેશિયલ ટ્રેનનું સંચાલન

આગામી હોળી પર્વ દરમિયાન યાત્રીઓની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને તેમજ તેમની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા સાબરમતી અને દાનાપુર વચ્ચે વિશેષ ભાડા પર હોળી સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિગત નીચે મુજબ છેઃ

● ટ્રેન સંખ્યા ૦૯૪૨૭/૦૯૪૨૮ સાબરમતી–દાનાપુર–સાબરમતી સ્પેશિયલ (વિશેષ ભાડા પર) (૦૨ ટ્રિપ)

● ટ્રેન સંખ્યા ૦૯૪૨૭ (સાબરમતી–દાનાપુર સ્પેશિયલ)

તા. ૦૧ માર્ચ, ૨૦૨૬ (રવિવાર) ના રોજ સાબરમતીથી સવારે ૦૮.૫૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે (સોમવાર) ૧૭.૩૦ વાગ્યે દાનાપુર પહોંચશે.

● ટ્રેન સંખ્યા ૦૯૪૨૮ (દાનાપુર–સાબરમતી સ્પેશિયલ)

તા. ૦૨ માર્ચ, ૨૦૨૬ (સોમવાર) ના રોજ દાનાપુરથી રાત્રે ૨૨.૪૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને ત્રીજા દિવસે (બુધવાર) સવારે ૦૬.૪૫ વાગ્યે સાબરમતી પહોંચશે.

● માર્ગ અને સ્ટોપેજ

માર્ગમાં આ ટ્રેન બંને દિશાઓમાં મહેસાણા, પાલનપુર, આબુ રોડ, મારવાડ જંક્શન, અજમેર, જયપુર, દૌસા, ભરતપુર, ટૂંડલા, ઈટાવા, કાનપુર સેન્ટ્રલ, પ્રયાગરાજ, મિર્ઝાપુર, પં.દિનદયાલ ઉપાધ્યાય જંક્શન, બક્સર તથા આરા સ્ટેશનો પર ઉભી રહેશે.

● આરક્ષણ

ટ્રેન સંખ્યા ૦૯૪૨૭ માટેનું બુકિંગ તાત્કાલિક પ્રભાવથી તમામ યાત્રી આરક્ષણ કેન્દ્રો તેમજ આઈઆરસીટીસીની અધિકૃત વેબસાઈટ પર શરૂ કરવામાં આવ્યું છે.

મુસાફરોને વિનંતી છે કે તેઓ ટ્રેનના પરિચાલન સમય, સ્ટોપેજ તથા સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે ભારતીય રેલવેની અધિકૃત વેબસાઈટ www. en-quiry. indianrail.gov.in ની મુલાકાત લે.

## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - શુક્રવાર, ૨૭/૦૨/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૯૧૬ | ૪૬૧.૦૦ | ૫૨૭.૦૦ |
| ૨ | મગફળી | ૫૧ | ૧,૨૬૨.૦૦ | ૧,૬૫૫.૦૦ |
| ૩ | એરંડા | ૦ | ૧,૨૦૦.૦૦ | ૧,૨૫૫.૦૦ |
| ૪ | રાયડો | ૪ | ૧,૧૦૦.૦૦ | ૧,૧૫૦.૦૦ |
| ૫ | બાજરી | ૦ | ૩૬૦.૦૦ | ૪૦૦.૦૦ |
| ૬ | મકાઇ | ૫૦ | ૩૫૨.૦૦ | ૩૬૨.૦૦ |
| ૭ | કપાસ | ૫૩ | ૧,૪૫૦.૦૦ | ૧,૫૬૭.૦૦ |
| ૮ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૯ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |

મુનિમજી સોફટવેર

## અંબાલાલ પટેલની આગાહી સાચી ઠરે છે સરકાર તેમને સિસ્મોલોજી વિભાગમાં સમાવશે? કોંગ્રેસનો સવાલ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાત વિધાનસભાના સત્ર દરમિયાન ચાલી રહેલા પ્રશ્નોત્તરીકાળ માં હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલના નામની ચર્ચા શરૂ થઈ હતી. આજે સિસ્મોલોજી વિભાગની ચર્ચા દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યએ અંબાલાલ પટેલના નામની ચર્ચાઓ કરી હતી. આગાહીકાર અંબાલાલ પટેલને લઈને ચર્ચા થતા સમગ્ર ગૃહમાં કુતુહલ સર્જાયુ હતું. પાટણના કોંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલે સિસ્મોલોજી વિભાગની ચર્ચા દરમિયાન અંબાલાલ પટેલનુ નામ લીધુ હતું. તેમણે કહ્યુ હતુ કે સિસ્મોલોજી વિભાગ ભુકંપની તીવ્રતાની જાણકારી આપે છે. મોટો ભુકંપ આવશે તેવી જાણકારી આપે છે, તો બીજી તરફ રાજયમાં હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ સિસ્મોલોજી વિભાગ પહેલા આગાહી કરે છે તેમની આગાહી વિભાગ કરતા સાચી ઠરે છે. પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે સવાલ કર્યો હતો કે સરકાર અંબાલાલ પટેલને તેમના જ્ઞાન અને સચોટ ઠરતી આગાહીને કારણે સિસ્મોલોજી વિભાગમાં સમાવવા માંગે છે કે કેમ ? ધારાસભ્યના સવાલ બાદ ગૃહમાં અધ્યક્ષે પણ કહ્યુ હતુ કે અંબાલાલ પટેલની આગાહી સાચી ઠરે છે. ગૃહમાં અંબાલાલ પટેલનો મુદ્દો તો ઉછડયો પણ શું ખરેખર સરકાર તેમને સિસ્મોલોજી વિભાગમાં સમાવશે કે કેમ ?



### ૪૫ ગામોની ખેતી પર પ્રદૂષિત પાણી અસરથી અનેક ફરિયાદો કરી છતાં સરકારે કહ્યું, કોઈ ફરિયાદ મળી નથી : ગોપાલ ઈટાલિયા

## ભાજપના ધારાસભ્ય પણ સ્વીકારી રહ્યા છે કે ઉભેર નદીમાં પ્રદૂષિત લાલ પાણી આવે છેઃ તેમ છતાં વિધાનસભામાં સરકારે લેખિતમાં જવાબ આપ્યો કોઈ પ્રદૂષિત લાલ પાણી નથી : ગોપાલ ઈટાલિયા

અમદાવાદ/જૂનાગઢ/ગાંધીનગર/

આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતું કે ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ગુજરાત વિધાનસભામાં મારા કુલ ત્રણ તારાંકિત પ્રશ્નો હતા. ખૂબ દુઃખ સાથે કહેવું પડે છે કે સરકારના મંત્રીઓ સમાજને, લોકોને અને સોશિયલ મીડિયામાં જવાબ આપતા નથી, અને હવે તો વિધાનસભામાં પણ યોગ્ય જવાબ આપવાનું બંધ કર્યું હોય એવું લાગે છે. આજે મેં પ્રશ્ન કર્યો હતો કે જુનાગઢ જિલ્લામાં આવેલી ઉબેર નદીમાં જેતપુરના ઔદ્યોગિક એકમમાંથી કેમિકલયુક્ત ઝેરી લાલ પાણી છોડવામાં આવે છે. આ લાલ પાણીના કારણે વિસાવદર મતવિસ્તારના વડાલ, ચોકી આસપાસના ગામો તથા જુનાગઢ મતવિસ્તારના મજેવડી સહિતના અનેક ગામોમાં કૂવા, બોર અને જમીનની નીચેનું પાણી લાલ અને પ્રદૂષિત બની ગયું છે, જે પીવા કે સિંચાઈ માટે યોગ્ય નથી. હાલમાં અમારી પાર્ટીના કાર્યકર્તાઓ છેલ્લા દસ દિવસથી આ મુદ્દે ધરણા પર બેઠા છે. અગાઉ જૂનાગઢ ભાજપના ધારાસભ્ય સંજયભાઈએ પણ જિલ્લા સંકલન સમિતિમાં આ લાલ પ્રદૂષિત પાણીનો મુદ્દો ઉઠાવ્યો હતો. ભાજપના ધારાસભ્ય પણ સ્વીકારી રહ્યા છે કે ઉભેર નદીમાં પ્રદૂષિત લાલ પાણી આવે છે. મજેવડી, ચોકી, વડાલ, કાથરોટા, ડેરવાણ, હિસાબપુર સહિત અનેક ગામોમાં કૂવા અને બોરમાં ઝેરી કેમિકલયુક્ત લાલ પાણી આવે છે. તેમ છતાં વિધાનસભામાં સરકારે લેખિતમાં જવાબ આપ્યો કે ઉબેર નદીમાં કોઈ પ્રદૂષિત લાલ પાણી નથી અને પાણી સ્વચ્છ છે. મેં પૂછ્યું કે આ અંગે કેટલી ફરિયાદો મળી છે, તો સરકારે જવાબ આપ્યો કે કોઈ ફરિયાદ મળી નથી. જ્યારે લોકો ધરણા પર બેઠા છે, રેલીઓ કરી રહ્યા છે અને સોશિયલ મીડિયામાં વિરોધ કરી રહ્યા છે, ત્યારે ફરિયાદ ન મળ્યાનો જવાબ આપવો દુઃખદ બાબત છે. આ પ્રદૂષિત લાલ પાણીના કારણે જેતપુર, ભેસાણ, જુનાગઢ સહિત લગભગ ૪૦ થી ૪૫ ગામોમાં ખેતી પર ગંભીર અસર પડી છે. સિંચાઈ માટે પાણી ન મળતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે અને કેટલીક જગ્યાએ સ્થળાંતર જેવી સ્થિતિ ઊભી થઈ છે. તેમ છતાં સરકારે વિધાનસભામાં પ્રદૂષણનો પ્રશ્ન સ્વીકાર્યો નથી.સરકાર એક તરફ 'વંદે માતરમ' પર ચર્ચા કરે છે, જેમાં સુજલામ અને સુફલામ જેવા શબ્દોનો ઉલ્લેખ છે, પરંતુ જો પાણી જ શુદ્ધ નહીં હોય તો ખેતી અને જનજીવન પર પ્રતિકૂળ અસર થવાની જ છે. નદીઓ અને પાણીના સ્ત્રોતોની સ્વચ્છતા જાળવવી સરકારની જવાબદારી છે. પ્રદૂષણ રોકવા માટે હકીકત સ્વીકારી યોગ્ય પગલાં લેવાં જરૂરી છે. ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે મેં પૂછ્યું હતું કે ડુંગળી પકવતા ખેડૂતોને આર્થિક સહાય આપવા માટે સરકાર પાસે કોઈ યોજના અમલમાં છે કે નહીં. કૃષિ મંત્રીએ જવાબમાં સ્વીકાર્યું કે યોજના તો છે, પરંતુ જ્યારે મેં પૂછ્યું કે અત્યાર સુધી કેટલા ખેડૂતોને સહાય ચૂકવાઈ છે, ત્યારે જવાબ મળ્યો કે કોઈને સહાય ચૂકવાઈ નથી. એટલે યોજના કાગળ પર છે, અમલમાં નથી. ગયા વર્ષે ડુંગળીના પાકને ભારે વરસાદનો માર પડ્યો હતો. અનેક ખેડૂતોની તૈયાર ડુંગળી ખેતરમાં અને ગોડાઉનમાં બગડી ગઈ હતી. ખેડૂતોને આશા હતી કે સરકાર તેમની મદદ કરશે, પરંતુ જાહેર કરાયેલ પેકેજમાં ક્વિન્ટલ દીઠ માત્ર એક રૂપિયાની સહાય જાહેર કરવામાં આવી. એક રૂપિયાની સહાય? આજે એક રૂપિયામાં શું આવે છે ? વિધાનસભામાં જ્યારે મેં પૂછ્યું કે ડુંગળી પકવતા ખેડૂતોને શું વાસ્તવિક મદદ આપવામાં આવી છે, ત્યારે જવાબ મળ્યો કે કોઈ ખાસ આર્થિક સહાય આપવામાં આવી નથી. સરકાર જાહેરાતો અને ભાષણોમાં ખેડૂતોની વાત કરે છે, પરંતુ વાસ્તવિક સહાય આપવાની બાબતમાં આગળ આવતી નથી. ખેડૂતોને વાસ્તવિક આર્થિક આધાર અને સમયસર મદદ મળે તે જરૂરી છે.

ગરવી ગુજરાત




RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોનાના વાયદામાં રૂ.૫૦૨ અને ચાંદીના વાયદામાં રૂ.૬૫૮૧ની તેજી: ક્રૂડ તેલના વાયદામાં રૂ.૪નો સુધારો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૮૪૯૩.૦૭ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૮૦૮૬૨.૫૫ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૩૮૬૯.૧૪ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૯૯૩૫ પોઈન્ટના સ્તરે


મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૯૯૩૫૫.૮૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૮૪૯૩.૦૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૮૦૮૬૨.૫૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો ૩૯૯૩૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૫૮૨.૦૩ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૩૮૬૯.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦૦૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૦૭૧૯ અને નીચામાં રૂ.૧૫૯૮૧૬ના મથાળે અથડાઈ, રૂ.૧૫૯૭૦૯ના આગલા બંધ સામે રૂ.૫૦૨ વધી રૂ.૧૬૦૨૧૧ થયો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૫૭૨ વધી રૂ.૧૨૯૨૨૫ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩ ઘટી રૂ.૧૬૨૩૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૮ વધી રૂ.૧૫૮૦૩૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૯૨૩૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૯૫૦૦ અને નીચામાં રૂ.૧૫૮૭૯૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૮૬૩૩ના આગલા બંધ સામે રૂ.૩૬૬ વધી રૂ.૧૫૮૯૯૯ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૬૭૫૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૬૮૩૦૧ અને નીચામાં રૂ.૨૬૪૧૦૦ના મથાળે અથડાઈ, રૂ.૨૫૯૬૬૯ના આગલા બંધ સામે રૂ.૬૫૮૧ વધી રૂ.૨૬૬૨૫૦ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૬૨૪૪ વધી રૂ.૨૭૧૫૦૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૫૮૮૬ વધી રૂ.૨૭૦૦૪૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૮૫૬.૪૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.૧૩.૫ વધી રૂ.૧૨૧૫.૯૫ થયો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૯.૯૫ વધી રૂ.૩૩૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો રૂ.૨.૪ વધી રૂ.૩૧૦.૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીસું માર્ચ વાયદો ૪૫ પૈસા વધી રૂ.૧૮૯.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૪૯૪.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૫૯૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૫૯૫ અને નીચામાં રૂ.૩૫૮૮ના સ્તરને સ્પર્શી, રૂ.૨ વધી રૂ.૩૫૯૪ થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૫૯૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૬૦૭૧ અને નીચામાં રૂ.૫૯૪૨ના સ્તરને સ્પર્શી, રૂ.૬૦૫૩ના આગલા બંધ સામે રૂ.૪ વધી રૂ.૬૦૫૭ થયો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૭ વધી રૂ.૬૦૬૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૩.૨ વધી રૂ.૨૬૦.૩ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૩.૩ વધી રૂ.૨૬૦.૫ના સ્તરે પહોંચ્યો હતો.




કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૪૮ના ભાવે ખૂલી, રૂ.૩.૫ ઘટી રૂ.૯૪૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૫૫૯ના ભાવે ખૂલી, રૂ.૯૮ વધી રૂ.૨૫૫૯ના ભાવે બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૭૦૪૮.૫૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૮૨૦.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૨૪૩૬.૫૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૮૮.૧૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૫.૮૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨૦.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૧.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૪૯.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૩૩.૫૮ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૨.૯૫ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૩૮ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૪૨૨ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૪૫૫૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૮૦૯૭ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૫૪૫૮૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૦૩૭૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૯૭૧૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૬૫૯૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૫૬૭૮૫ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૨૧૨૯ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૧૦૩ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૮૦૦૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ માર્ચ વાયદો ૩૯૯૩૫ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૯૯૩૫ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૯૯૩૫ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૪૪૬ પોઈન્ટ વધી ૩૯૯૩૫ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૯.૬ વધી રૂ.૩૮૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨ વધી રૂ.૧૭.૧ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૬૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૩ ઘટી રૂ.૬૭ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૮૨.૫ વધી રૂ.૧૨૯૪૮ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૪ વધી રૂ.૧૪ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૦૨ વધી રૂ.૭.૫ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૯.૨ ઘટી રૂ.૩૧૨.૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩ ઘટી રૂ.૧૬.૯ થયો હતો. સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૮૭.૫ ઘટી રૂ.૮૯.૫ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૭૫ ઘટી રૂ.૧૬૮૮.૫ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૭.૭૨ ઘટી રૂ.૨૬.૨૫ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૮૯ પૈસા વધી રૂ.૫.૭ થયો હતો.

### આખરે વિપુલ ગણેશવાલાએ પોલીસ સમક્ષ સરંડર કર્યુ

## સુરત મ.ન.પા ના લિંબાયત ઝોનમાં સસ્પેન્ડ થયેલા કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાલાના સમયમાં ઉભા થયેલા બાંધકામો કેટલા કાયદેસર? એની તપાસ કોણ કરશે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત ભ્રષ્ટાચાર નો અખાડો બની ગયેલી સુરત મહાનગર પાલિકામાં બિરાજમાન થતા અધિકારીઓ કે પદાધિકારીઓ જેના હાથમાં એના મોંમા નીતિ અપનાવી જ્યારે શાસન ચલાવતા હોય ત્યારે ભ્રષ્ટાચારીઓને ખુલ્લુ મેદાન મળી જતું હોય છે. અને એનો નમૂનો એટલે ૧૫ લાખ જેવી અધધ!! રકમની લાંબી લાંચ માંગીને વચેટીયા જેવા પત્રકાર ને વિપુલ ગણેશવાલા ના નામે રૂપિયા ચાર લાખ લઈને ભાગી છુટવાનો મોકો મળે છે. અહીં વાત કરવી છે તાજેતરમાં લાંચ ના છટકામાં પકડાતા પકડાતા છટકી ગયેલા કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાલા અને એના વચેટીયા જેવા પત્રકાર પરવાના ની એવા લિંબાયત ઝોનમાં ફરજ બજાવતા ગણેશવાલા ના સમયમાં જ લિંબાયત ઝોનમા અનેક માર્કેટોના બાંધકામો ગેરકાયદેસર બંધાયેલા છે. જ્યારે લિંબાયત ઝોનમાં જ ૧૦૦ કરતાં વધુ માર્કેટોના બાંધકામો પ્લાન વિરુધ્ધ તેમજ જીસ્ઝ ના નીતિ-નિયમોના ભંગ કરીને ઊભી કરાયેલી છે. સસ્પેન્ડ થયેલા કાર્યપાલક ઈજનેર ગણેશવાલા એ ત્રીજા-ચોથા માળના મકાનોના બાંધકામો અંગે પણ નોટિસો આપી કટકી કરી બાંધકામોને ચાલુ રાખવાનું પ્રોત્સાહન આપ્યું હતું. લિંબાયત ઝોનમા જે માર્કેટો ના બાંધકામો ખરેખર ગેરકાયદેસર હોય એને તોડી પાડતા સુરત મહાનગરપાલિકાના અધિકારીઓના હાથ કેમ ધ્રૂજે છે? માર્કેટોના રસ્તાઓ ઉપર તૈયાર થયેલા કાપડના પોટલાઓ મૂકી ઉભા કરાતા દબાણોને કારણે નાના માં નાનું વાહન પણ અવરજવર માટે મુશ્કેલી અનુભવે છે. શું આવા ગેરકાયદેસર ઉભા થયેલા બાંધકામો તોડી પાડતાં કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાલા ને કોણ અટકાવતું હતું? તેમજ મંજૂર પ્લાન વિરુધ્ધ અને નિયમ વિરુધ્ધ નું જો બાંધકામ કરાયુ હોય તો એવા ગેરકાયદેસર બાંધકામોને શહેર હિતમાં તોડતા ગણેશવાલા ને કોણ રોકતું હતું? ફક્ત નોટિસો આપવાથી ગેરકાયદેસર બાંધકામોની સ્થિતિ મા કોઈ ફેર પડતો નથી. વર્ષો પહેલા જ્યારે ગેરકાયદેસર બાંધકામો ઉભા થયા ત્યારે પણ કોઈ ગણેશવાલા જેવી વ્યક્તિ તો હશે જ ? ગણેશવાલાએ લિંબાયત ઝોનમાં બાંધકામ ક્ષેત્રે પછી એ નાનું હોય કે મોટુ એમાં હાહાકાર મચાવી દીધો હતો. ગણેશવાલાના ચાર વર્ષના સમય દરમ્યાન જે કોઈ બાંધકામ થયા છે એ મંજૂર પ્લાન મુજબ કે વિરુધ્ધ હોય ગણેશવાલાએ તેઓને છોડયા નથી. આ વિસ્તારના કોર્પોરેટરો પણ આ બાબતે કેમ ઉણા ઉતર્યા એ મોટો સવાલ છે ?

સુરત મહાનગરપાલિકા ભૂતકાળ અને વર્તમાનમાં એક સામાન્ય રજા જેવા ગુનામાં સફાઈ કર્મચારીથી લઈને અન્ય કર્મચારીઓને જો ઘરનો દરવાજો બતાવી દેતી હોય તો વિપુલ ગણેશવાલાને ઘરનો દરવાજો બતાવવામાં સુરત મહાનગરપાલિકા પાછી પાની કેમ કરે છે? સદર વિપુલ ગણેશવાલા ખાઈબદેલા અને મનમાની કરનારા કાર્યપાલક ઈજનેર હોવા છતાં તેમજ આવક કરતાં વધુ સંપતિ ધરાવતા હોવા ના પૂરતા પુરાવા મળવા છતાં તેઓને આજદિન સુધી નોકરીમાંથી કાયદેસર રીતે ટર્મિનેટ કેમ કરવામાં નથી આવ્યા? એ સવાલ ચર્ચા ના ચગડોળે ગુમી રહ્યો છે.



કેજરીવાલજી - સિસોદિયાજી નિર્દોષ સાબિત થયા તેની ખુશીમાં AAP પ્રદેશ કાર્યાલય, અમદાવાદ ખાતે ઉજવણી... AAP પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ એકબીજાનું મોં મીઠું કરાવ્યું, ફટાકડા ફોડ્યા... આમ આદમી પાર્ટી દ્વારા ઠેર ઠેર ઉજવણી શરૂ...

### ગેનીબેનને પડકાર ફેંકનાર ભુવો હાથ જોડી ગયો : માફી માંગીને કરી સ્પષ્ટતા

## ડી જે ખર્ચાળ જમણવાર અંગે બનાસકાંઠાના ભુવાએ ગેનીબેન ઠાકોરને ફેંકયો ખુલ્લો પડકાર: ડી જે તો વાગશે: વિડીયો થયો વાયરલ

પ્રતિનિધિ,ગાંધીનગર

ઠાકોર સમાજના બંધારણમાં ખર્ચાળ ડી જે અને ભોજન સમારંભ પર પ્રતિબંધ મુકવાના નિર્ણય બાદ કોંગ્રેસના વાવ ના ધારાસભ્ય અને સાંસદ ગેનીબેન ઠાકોરનુ નામ અનેકવાર ચર્ચાયુ છે. પહેલા વિક્રમ ઠાકોરે ડીજે મુદ્દે અનેક નિવેદનો આપ્યા હતા. ફરીથી લગ્ન પ્રસંગમાં ડીજે અને ખર્ચાળ ભોજન મુદ્દે બનાસકાંઠા એક ભુવાનો વિડીયો વાયરલ થયો છે.



બનાસકાંઠા જિલ્લામાં ભુવાનો એક વિડીયો સોશીયલ મીડીયામાં સવાર થી જ ખુબ જ વાયરલ થઈ રહ્યો છે. વિડીયોમાં ગેનીબેન ઠાકોરના લગ્ન પ્રસંગે ડી જે અને ખર્ચાળ ભોજન બંધ રાખવાના નિર્ણય નો ભુવો ઉલ્લેખ કરે છે, ભુવો કહે છે કે લગ્ન પ્રસંગે ડી જે ન વગાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હોય તો પણ તેમાં કોઈ ધાર્મિક બાધ નથી, તેઓ સ્પષ્ટ શબ્દોમાં બોલી રહ્યા છે કે માતાજીના ધાર્મિક પ્રસંગો ખાસ કરીને ચૈત્ર અને વૈશાખ માસ ની બીજના અવસરે ડી જે વાગશે, વાયરલ વિડીયોમાં ભુવો ગેનીબેન ઠાકોર પર સીધા પ્રહાર કરતા દેખાય છે તે ધુણતા ધુણતા કહે છે કે જો ડી જે વાળાનુ ડી જે બંધ રખાવુ તો હું માતા ન કહેવાઉ, ભલે ગેનીબેને લગ્નમાં ડી જે બંધ રાખવાનુ કીધુ હોય પણ આગળ ચૈત્ર અને વૈશાખ મહિનામાં જો હું પરવાનગી ન આપુ તો માતા નહી કહેવાઉ,

ભોજન અંગે પણ ભુવા એ કહ્યુ હતુ કે સારૂ ભોજન ગેનીબેન ઠાકોર જમી આવે અને ઠાકોરનો છોકરો લુખ્ખુ ભાણુ જમે તે ન ચાલે, આ સાથે ભુવો ખુલ્લો પડકાર ફેંકતા કહે છે કે જો કોઈને આ બાબતે વાંધો હોય તો ગેનીબેનને સીધો ફોન કરીને જાણ કરી દેવી, જવાબ આપવાની મારી તાકાત છે, બધાની બોલતી હું બંધ ના કરૂ તો હું જોગણી ના કહેવાવ,

બનાસકાંઠા જિલ્લાના કાંકેરજ તાલુકાના અરડુવાડા ગામે તાજેતરમાં એક કાર્યક્રમમાં ભુવાએ જે નિવેદન આપ્યુ હતુ જેમાં ગેનીબેન ઠાકોરનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો હતો. હવે આ મામલે ભુવાએ માફી માંગી છે. કાર્યક્રમ દરમિયાન રમેલ માં બેઠા હતા ત્યારે ધુણતા ધુણતા ચૈત્ર મહિનામાં ડીજે વાગશે તેવી બોલાઈ ગઈ હોવાનુ ટીના ભુવાજીએ જણાવ્યુ હતું. જો કે કેટલાક લોકોએ આ વાતનો અર્થ વૈશાખ મહિના સુધી ડી જે વાગશે એવો કાઢતા ગામમાં ચર્ચા જાગી હતી. આ મુદ્દે સ્પષ્ટતા કરતા ટીના ભુવાજીએ જાહેરમાં બે હાથ જોડી સમાજ સમક્ષ માફી માંગી હતી અને કહ્યુ હતુ કે મારા મોઢે થી જે શબ્દો નિકળ્યા તેનાથી સમાજમાં ગેરસમજ ફેલાઈ હોય તો હું દીલગીર છુ, મારો એવો કોઈ ઈરાદો ન હતો, સમાજ જે દંડ કે ધર્માદો નકકી કરશે તે હું સ્વીકારવા તૈયાર છું. ભુવાજીએ ખુલ્લેઆમ પોતાનુ સમર્થન વ્યકત કરતા કહ્યુ હતુ કે તાજેતરમાં એક કાર્યક્રમ દરમિયાન ભુવાજીએ ધુણીમા કહી દીધુ કે જો ડી જે વાળાનુ ડી જે બંધ રાખુ તો હું માતા ન કહેવાઉ, આ નિવેદનનો વિડીયો સોશીયલ મીડીયામાં આજે શુક્રવારે ઝપડથી વાયરલ થયો હતો. અને ચર્ચાનો વિષય બન્યો હતો. ભુવાજીએ વધુમાં કહ્યુ હતુ કે ભલે ગેનીબેને લગ્ન પ્રસંગે ડી જે બંધ રાખવાની વાત કરી હોય પરંતુ આવનારા ચૈત્ર અને વૈશાખ મહિનામાં તેમના કોઠે (શરીરે) કોઈ દુઃખ નહી આવવુ દઉ, નહી તો પોતે માતા ન કહેવાય.

# જો જો તમે ખરીદેલા ફળો પર કયાંક ઉંદર મારવાની દવા તો નથી લાગેલી ને?

### રાત્રીના સમયે ઉંદરો ફળો ખરાબ ન કરે એટલા માટે એ ફળો ઉપર રેટોલ લગાડતા મલાડના ફ્રૂટ વેચનારાઓ રંગે હાથ પકડાયા

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત મુંબઈ ના મલાડમાં ફ્રૂટ વેચનારાઓ ધ્વારા ફળોની ઉપર ઉંદર મારવાની દવા લગાડતા હોવાનો ચોંકાવી દેનારો વિડીયો સોશિયલ મીડિયા પર ગઈ કાલે વાઈરલ થયો હતો. એના આધારે મલાડ પોલીસે મનોજ કેસરવાની અને બિપિન કેસરવાની નામના બે ફ્રૂટ વેચતા ફેરિયાઓની ધરપકડ કરી હતી. બંને આરોપી સ્થાનિક બજાર ખાતે ફળ વેચવાનો વર્ષોથી ધંધો કરી રહ્યા છે. ત્યારે ત્યાંના એક સ્થાનિક રહેવાસીએ આરોપી ફળો ઉપર ઝેરી દવા રેટોલ લગાવતા હોવાનો વિડીયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતાં સમગ્ર મામલો બહાર આવ્યો હતો. પૂછપરછ દરમ્યાન આરોપીઓએ સ્વીકાર્યું કે રાત્રે ઉંદરોથી થતાં નુકશાનથી બચવા માટે તેઓ સફરજન અને દાડમ જેવા ફળો પર રેટોલ લગાવતા હતા. રેટોલમાં રહેલું યલો ફોસ્ફરસ માનવ શરીર માટે જીવલેણ સાબિત થઈ શકે છે.







**તો વળી કેટલાક જાગૃત અને સજાગ નાગરિકોએ પોતાની નજરો સામે આ જોખમી પ્રવૃત્તિ કરતાં જોઈને ફેરિયાઓને રંગે હાથ પકડયા અને એનો વિડીયો જનતા હિતમાં વાઈરલ કર્યો**

પોલીસ પૂછપરછ દરમ્યાન આરોપીઓએ સ્વીકાર્યું કે તેઓ રાતના સમયે ઉંદરોથી ફળોને થતું નુકશાન અટકાવવા માટે ઉંદર મારવાની દવા રેટોલ ફળોની સપાટી ઉપર લગાવતા હતા. ગત મંગળવારના રોજ રાત્રીના સમયે કેટલાક સજાગ અને જાગૃત નાગરિકોએ આરોપીને ફળો ઉપર પીળાશ પડતી ક્રીમ જેવી વસ્તુ લગાવતા રંગે હાથે ઝડપી પાડયા હતા. શરૂઆતમાં આરોપીઓએ ટાળવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ જ્યારે કડક રીતે પૂછપરછ કર્યા બાદ કબૂલાત કરી હતી. આ ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં જ લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. અને ખુલ્લા બજારમાં વેચાતા ફળોની સલામતી વિશે ગંભીર પ્રશ્નો ઊભા થઈ રહ્યા હતા.

આ બાબતે કેટલાક જાણકારોના જણાવ્યા મુજબ રેટોલમાં યલો ફોસ્ફરસ જેવા અત્યંત ઝેરી રસાયણો હોય છે જે માનવશરીર માટે જીવલેણ સાબિત થઈ શકે છે. આ ઝેર શરીરમાં પ્રવેશતા જ રકતપ્રવાહમાં ભળીને ગંભીર નુકશાન પણ પહોંચાડી શકે છે. ખાસ ચિંતાનો વિષય એ છે કે આવા ઝેરી પદાર્થ ફળોની છાલમાં શોષાઈ જાય તો માત્ર પાણીથી ધોવાથી એનો પ્રભાવ સંપૂર્ણપણે દૂર થતો નથી. નાના બાળકો ઘણીવાર ફળોને સારી રીતે ધોયા વગર કે છાલ ઉતાર્યા વગર ખાઈ લેતા હોય છે. જેથી જોખમ વધી જાય છે. આરોગ્ય નિષ્ણાંતો ધ્વારા લોકોને ફળોને મીઠાવાળા હળવા ગરમ પાણીમાં ઓછામાં ઓછી ૨૦ મિનિટ સુધી પલાળી રાખવાની અને શકય હોય તો છાલ ઉતારીને જ ખાવાની સલાહ આપવામાં આવી છે.

## કાલુપુર સ્વામિનારાયણ મંદિરના સાધુઓના રંગીન મીજાજની પોલ ખોલતો વિડીયો વાયરલ: દિવસે ભગવા અને રાત્રે પેન્ટ શર્ટમાં ઐયાશી કરતા રામ સ્વામીનો કાંડ બહાર આવતા હરીભકતોમાં રોષ

પ્રતિનિધિ,ગાંધીનગર

કાલુપુર સ્વામિનારાયણ મંદિરના મહંતના શિષ્ય રામ સ્વામીના પેન્ટ શર્ટ પહેરેલા વિડીયો વાયરલ થતા મોટો વિવાદ સર્જાયો છે. સંસ્થાએ એવો ખુલાસો કર્યો છે. રામ સ્વામીએ પોતાની મરજીથી ત્યાગાશ્રમ છોડીને સંસારમાં જવાનુ નકકી કર્યુ છે.

જો કે આ ખુલાસાને ઘણા લોકો વાહિયાત ગણાવી રહ્યા છે. રામ સ્વામી આચાર્ય અને લાલજી મહારાજના અત્યંત નજીકના ગણાતા હતા , તેથી આ ઘટનાએ આખા સંપ્રદાયમાં ચર્ચા જગાવી છે. અગાઉ પણ આ સંસ્થાના ચૈતન્ય સ્વામી અને વ્રજ સ્વામી જેવા સાધુઓ વિવાદોમાં આવીને સંસારમાં જઈ ચુકયા છે, સોશીયલ મીડીયામાં સપ્ટેમ્બર ૨૦૨૫ નુ એક વિડીયો બહાર આવ્યો છે, જેમાં રામ સ્વામી અને હાલના કોઠારી મુની સ્વામી ગાંધીનગર ના એક પાન પાર્લર પાસે પેન્ટ શર્ટ માં સજજ જોવા મળે છે, આ વિડીયો મોડી રાત્રે લેવામાં આવ્યો હોવાનુ કહેવાય છે, નવાઈની વાત તો એ છે કે આ વિડીયો પછી પણ રામ સ્વામી અનેક કાર્યક્રમોમાં ભગવા વસ્ત્રોમાં કથા કરતા જોવા મળ્યા હતા. આનાથી એવુ સ્પષ્ટ થાય છે કે આ સાધુઓ લાંબા સમયથી દિવસે ધર્મનો પ્રચાર અને રાત્રે ખાનગીમાં મોજ મજા કરવાનુ બેવડુ જીવન જીવી રહ્યા હતા.

સંસ્થાએ દાવો કર્યો છે કે ૨૩ તારીખે રામ સ્વામીએ ગુરુ ની રજા લઈને સંસારમાં જવાનુ નકકી કર્યુ હતું. પરંતુ હકીકત એ છે કે ૨૨ તારીખે રવિવારે યોજાયેલા એક મોટા કાર્યક્રમમાં રામ સ્વામી આચાર્યશ્રીની હાજરીમાં વ્યાસપીઠ પરથી પ્રવચન આપી રહ્યા હતા, અચાનક ૧૨ કલાકમાં જ આવુ શુ બન્યુ કે તેમણે સાધુ વેશ છોડવો પડયો ? આ બાબતને લઈને અનેક શંકાઓ ઉપજી રહી છે. આક્ષેપ છે કે ભકતોની દિકરીઓને




પ્રેમજાળમાં ફસાવીને ભાગી જવાની આવી ઘટનાઓ હવે વારંવાર બની રહી છે. સુત્રોના કહેવા પ્રમાણે ૨૩ તારીખને રાત્રે રામ સ્વામી એક મહિલા સાથે હોટલમાં હતા, ત્યારે મહિલાના ભાઈએ તેમને પકડી પાડયા હતા ત્યારબાદ તેમને એક ખાનગી ફાર્મ હાઉસ અને પછી પોરડા સ્વામીનારાયણ મંદિરે લઈ જઈને સમજાવટના પ્રયાસો થયા હતા. પરીવારજનો સાથે સમાધાન ન થતા આખરે રામ સ્વામીને પેન્ટ શર્ટ પહેરાવી ત્યાંથી રવાના કરવામાં આવ્યા હતા. આ આખી ઘટનાનો વિડીયો વાયરલ થયા બાદ જ સંસ્થાએ ખુલાસો કર્યો છે. જે સાબિત કરે છે કે સત્ય છુપાવવાના પ્રયાસો નિષ્ફળ ગયા છે.

**AHMEDABAD MUNICIPAL CORPORATION**
**North West Zone-Engineering Department**
**TENDER NOTICE NO.11/2025-26**

Online Submission Date:- 06/04/2026 Time : 18 .00 pm

Submission Of E.M.D., Tender fee & Other Documents Date :- 07/04/2026 Time : 17.00 pm

Online Tender Opening Date :- 08/04/2026 Time : 12.00 pm

AMC intense to execute empanelment of contractors for the work of construction new Aanganwadi and Reparing and maintenance work of diff. muni. building in diff. location of diff. ward in North West Zone.

| SR.No. | Zone | Name of work |
| --- | --- | --- |
| 1 | North West Zone | Empanelment for construction of new Aanganwadi in diff. location of diff. ward in North West Zone. |
| 2 | North West Zone | Empanelment for Reparing and maintenance work of diff. muni. building of diff. ward in North West Zone. |

ટેન્ડર અને તેની વિગતો www.amc.nprocure.com ઉપર ઉપલબ્ધ છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ગુજરાત બન્યું દેશનું સેમિકંડક્ટર હબ



## સાણંદ બનશે **દેશમાં સેમિકંડક્ટર ઈન્ડસ્ટ્રીનું** પ્રવેશદ્વાર

## ભારતનું **'સેમિકંડક્ટર ફેબ ફ્રન્ટિયર'** બનશે ધોલેરા SIR

રોકાણમાં મોખરેઃ સેમિકંડક્ટર સેક્ટરમાં ગુજરાતે અંદાજે ₹1.24 લાખ કરોડના પ્રોજેક્ટ કોસ્ટ સાથેના ઉદ્યોગો આકર્ષિત કર્યા છે, જે ભારતના કુલ મંજૂર થયેલ સેમિકંડક્ટર પ્રોજેક્ટ કોસ્ટના લગભગ 75%થી વધુ છે

સાણંદ - ATMP/OSAT હબઃ માઈક્રોન (₹22,516 કરોડ), સીજી સેમી (₹7,600 કરોડ) અને કેન્સ ટેક (₹3,300 કરોડ) જેવી મોટી કંપનીઓ સાથે સાણંદ દેશનું સૌથી મોટું ATMP/OSAT હબ બનવા જઈ રહ્યું છે

ધોલેરામાં ભારતનો પ્રથમ ફેબઃ ટાટા ઈલેક્ટ્રોનિક્સ દ્વારા ₹91,526 કરોડના પ્રોજેક્ટ કોસ્ટથી ધોલેરામાં ભારતનો પ્રથમ કૉમર્શિયલ ફેબ સ્થપાઈ રહ્યો છે, જેની ક્ષમતા દર મહિને 50,000 ચિપ્સ બનાવવાની હશે

રોજગારીની તકોઃ રાજ્યમાં 50,000 થી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઊભી થશે



## મુખ્ય વિશેષતાઓ

પ્રથમ રાજ્યઃ ગુજરાત સેમિકંડક્ટર નીતિ જાહેર કરનાર દેશનું પ્રથમ રાજ્ય છે, જે સેમિકંડક્ટર કંપનીઓને તમામ શક્ય પ્રોત્સાહન અને સુવિધાઓ પૂરી પાડે છે

ટૅકનૉલૉજીઃ ધોલેરા SIR ભારતના 'ફેબ ફ્રન્ટિયર' તરીકે ઉભરી રહ્યું છે. ટાટા ઈલેક્ટ્રોનિક્સના વિશાળ પ્લાન્ટમાં 28 નેનોમીટરની ચિપ્સનું ઉત્પાદન થશે, જે ભારતના ઔદ્યોગિક ઈતિહાસમાં નવો અધ્યાય લખશે

ઈન્ફ્રાસ્ટ્રક્ચરઃ ધોલેરાની વિશાળ જમીન, સમર્પિત પાણી અને ગેસ ગ્રીડ અને આગામી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તેને ભવિષ્યના 'સેમિકંડક્ટર-રેડી' સ્માર્ટ સિટી તરીકે સ્થાપિત કરશે

શૈક્ષણિક મૉડલઃ રાજ્યની 118 એન્જિનિયરિંગ કૉલેજો અને 16 યુનિવર્સિટીમાંથી દર વર્ષે બહાર પડતા 50,000 થી વધુ એન્જિનિયરોને ઉદ્યોગ માટે સજ્જ કરવા SAMARTH અને ChipIN જેવા અત્યાધુનિક મૉડલ વિકસાવવામાં આવી રહ્યા છે

કૌશલ્યવર્ધનઃ IIT ગાંધીનગર ખાતે ₹194.21 કરોડના ખર્ચે કાર્યરત 'SAMARTH' પ્રોજેક્ટ હેઠળ આગામી 5 વર્ષમાં 2,600 થી વધુ નિષ્ણાત એન્જિનિયરો તૈયાર કરવામાં આવશે

## માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરદેશી વિઝનથી ગુજરાતે સેમિકંડક્ટર ક્ષેત્રે નવો ઈતિહાસ રચ્યો છે

વૈશ્વિક સ્તરે સેમિકંડક્ટર મેન્યુફેક્ચરિંગના શ્રેષ્ઠ સ્થળ તરીકે ગુજરાતને પ્રસ્થાપિત કરવા અમે પ્રતિબદ્ધ છીએ. વ્યૂહાત્મક ભાગીદારીના માધ્યમથી ગુજરાતને ભારતનું સિલિકોન ઉદ્યોગનું પ્રવેશદ્વાર બનાવીશું

**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

